આણંદના મે. એડી. સેશન્સ જજ અને સેકન્ડ એડી.ડીસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટ, સમક્ષ.

સેશન્સ કેસ નંબર : ૪૪/૦૮.
આંક– ૩૬

## -: તહોમત નામું :-

આથી હું શ્રી આર. એમ. શરીન, એડીશનલ સેશન્સ જજ, મું. આણંદનાઓ તમો તહોમતદારો,

૧. કાંતીભાઈ માનાભાઈ ચાવડા, ઉ.વ.આશરે ૪૦, રહે: સુરીવાળી ભાગોળ,ઓડ
૨. રાવજીભાઈ માનાભાઈ ચાવડા, ઉ.વ.આશરે ૩૮, રહે: સુરીવાળી ભાગોળ,ઓડ
૩. જયંતીભાઈ શનાભાઈ પરમાર. ઉ.વ.આશરે ૩૦, રહે: સુરીવાળી ભાગોળ,ઓડ
૪. રમેશભાઈ માનાભાઈ ચાવડા, ઉ.વ.આશરે ૩૫, રહે: સુરીવાળી ભાગોળ,ઓડ
૫. પુનમભાઈ કાલ્યાભાઈ તળપદા. ઉ.વ.આશરે ૩૬, રહે: બસ સ્ટેન્ડ પાસે,ઓડ
૬. ગણપતભાઈ છોટાભાઈ ચાવડા, ઉ.વ.આશરે ૨૫, રહે: સુરીવાળી ભાગોળ,ઓડ,
૭. બુધાભાઈ શંકરભાઈ પરમાર, ઉ.વ.આશરે ૩૨, રહે: સુરીવાળી ભાગોળ,ઓડ
૮.હરિશભાઈ વલ્લભભાઈ પટેલ, ઉ.વ.આશરે ૩૮, રહે: મલાવ ભાગોળ,ઓડ,
૯. વસંતભાઈ પુનમભાઈ પટેલ, ઉ.વ.આશરે ૩૦, રહે: મલાવ ભાગોળ,ઓડ,
૧૦. લાલાભાઈ ઉર્ફે નિલેશકુમાર મણીભાઈ પટેલ, ઉ.વ.આશરે ૨૬, રહે: મલાવ ભાગોળ,ઓડ,
૧૧. ટીનો ઉર્ફે મહેશભાઈ ગોપાલભાઈ ઉર્ફે રામાભાઈ પટેલ, ઉ.વ.આશરે ૩૦, રહે: મલાવ ભાગોળ,ઓડ,
૧૨. મિનેષકુમાર પુનમભાઈ પટેલ, ઉ.વ.આશરે ૩૧, રહે: મલાવ ભાગોળ,ઓડ,
૧૩.પ્રકાશ ઉર્ફે પકો જમનાદાસ પટેલ, ઉ.વ.આશરે ૩૫, રહે: મલાવ ભાગોળ,ઓડ,
૧૪. ઉમેશભાઈ પુનમભાઈ પટેલ, ઉ.વ.આશરે ૩૦, રહે: ડાકોરાવાડ,ઓડ,
૧૫. અરવીંદભાઈ મંગળભાઈ પટેલ, ઉ.વ.આશરે ૩૭, રહે: ડાકોરાવાડ,ઓડ,
૧૬. મનુભાઈ આશાભાઈ પટેલ, ઉ.વ.આશરે ૩૨, રહે: મલાવ ભાગોળ,ઓડ,
૧૭. નટુભાઈ ભગાભાઈ પટેલ, ઉ.વ.આશરે ૪૦, રહે: મલાવ ભાગોળ,ઓડ,
૧૮. વિનુભાઈ રણછોડભાઈ પટેલ, ઉ.વ.આશરે ૪૮, રહે: મલાવ ભાગોળ,ઓડ,

DISTRICT COURT ANAND

૧૯. પુનમભાઈ ડાહ્યાભાઈ પટેલ, ઉ.વ.આશરે ૨૮, રહે: મલાવ ભાગોળ,ઓડ,
૨૦. છોટુભાઈ રામાભાઈ પટેલ, ઉ.વ.આશરે ૪૮, રહે: મલાવ ભાગોળ,ઓડ,
૨૧.દિલીપભાઈ ઉર્ફે દિપકભાઈ કનુભાઈ પટેલ, ઉ.વ.આશરે ૩૫, રહે: મલાવ ભાગોળ,ઓડ,
૨૨. અશોકકુમાર હરમાનભાઈ પટેલ, ઉ.વ.આશરે ૨૫, રહે: મલાવ ભાગોળ,ઓડ,
૨૩. પિયુષભાઈ ભાઈલાલભાઈ પટેલ, ઉ.વ.આશરે ૨૬,રહે: મલાવ ભાગોળ,ઓડ,
૨૪.સમીરભાઈ ભીખુભાઈ પટેલ, ઉ.વ.આશરે ૩૬, રહે: પથ્થરવાડી ખડકી,ઓડ,
૨૫.અરવીંદભાઈ ભગાભાઈ પટેલ, ઉ.વ.આશરે ૫૨, રહે: મલાવ ભાગોળ,ઓડ,
૨૬. રીતેષકુમાર અરવીંદભાઈ પટેલ, ઉ.વ.આશરે ૨૪, રહે: મલાવ ભાગોળ,ઓડ,
૨૭.મણીભાઈ બકોરભાઈ પટેલ, ઉ.વ.આશરે ૬૩, રહે: મલાવ ભાગોળ,ઓડ,
૨૮.ઘનશ્યામભાઈ વલ્લભભાઈ પટેલ, ઉ.વ.આશરે ૩૦, રહે: મલાવ ભાગોળ,ઓડ,
૨૯.અશોકભાઈ ડાહ્યાભાઈ પટેલ, ઉ.વ.આશરે ૪૨, રહે: મલાવ ભાગોળ,ઓડ,
૩૦. ભાવેશભાઈ કિશનભાઈ પટેલ, ઉ.વ.આશરે ૨૮, રહે: મલાવ ભાગોળ,ઓડ,
૩૧. ઘનશ્યામભાઈ શંકરભાઈ પટેલ, ઉ.વ.આશરે ૩૫, રહે: મલાવ ભાગોળ,ઓડ,
૩૨. દિલીપભાઈ રણછોડભાઈ પટેલ, ઉ.વ.આશરે ૩૫, રહે: મલાવ ભાગોળ;ઓડ,
૩૩. સુજીતભાઈ હરીશભાઈ પટેલ, ઉ.વ.આશરે ૨૬, રહે: મલાવ ભાગોળ,ઓડ,
૩૪.પીન્ટુ ઉર્ફે રઘુવીરભાઈ ચંદ્રકાંત પટેલ,ઉ.વ.આ. ૨૫,રહે: મલાવ ભાગોળ; ઓડ,
૩૫.કીરીટકુમાર ઉર્ફે બોડીયો મનુભાઈ પટેલ,ઉ.વ.આ.૨૬,રહે:મલાવ ભાગોળ, ઓડ,
૩૬. પુનમભાઈ શનાભાઈ પટેલ, ઉ.વ.આશરે ૩૫, રહે: મલાવ ભાગોળ,ઓડ,
૩૭. દીનેશભાઈ પરસોતમભાઈ પટેલ, ઉ.વ.આશરે ૩૭,રહે: મલાવ ભાગોળ, ઓડ,

નાઓ સામે તહોમત ફરમાવું છું કે,

તમો આરોપીઓએ તા.૧-૩-૦૨ ના રોજ કલાક ૧૩-૩૦ થી રાત સુધી આણંદ જીલ્લાના ઓડ ગામની મલાવ ભાગોળે તા.૨૭-૨-૦૨ ના રોજના ગોધરા રેલ્વે સ્ટેશને સાબરમતી હત્યાકાંડના વિરોધમાં બંધનું એલાન હતું. તેથી તમો

આરોપીઓ તથા અન્ય ભાગેડુ તહોમતદારો અને અન્ય ૫૦૦ જેટલી વ્યક્તિઓએ ગેરકાયદેસર મંડળી રચી જેનો સામાન્ય હેતુ મુસ્લીમ કોમના માણસોનું ખુન કરવા, તેમના માલ સામાન, વાહનો, રહેણાંક મકાનો બાળી મુકવાનો તેમજ ધાર્મીક સ્થળોને નુકશાન કરવાનો હોઈ તે માટે પૂર્વ તૈયારી, ઘાતક હથીયારો ધારીયા, ભાલા, લાકડીઓ તથા પેટ્રોલ, કેરોસીન જેવા જ્વલનશીલ પદાર્થોના ડબ્બા સળગતા કાકડા, મશાલો, ધારણ કરી ઉશ્કેરણી જનક બુમો પાડીઓએ થતા ઈ. પી. કો. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮ સાથે વાંચતા કલમ ૧૪૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

વધુમાં ઉપરોક્ત તારીખ, સમય અને સ્થળે સદર ગેરકાયદેસર મંડળીનાં સામાન્ય હેતુ પાર પાડવા માટે તમો આરોપીઓ ગેરકાયદેસર મંડળીના સભ્ય તરીકે હાજર રહી તમો આરોપી હરીશભાઈ વલ્લભભાઈ પટેલ, વસંતભાઈ પુનાભાઈ પટેલ, લાલાભાઈ ઉર્ફે નિલેષ મણીભાઈ પટેલ, ગણપતભાઈ છોટાભાઈ ચાવડા, ભુપાભાઈ શંકરભાઈ પરમાર , મીનેષ પુનાભાઈ પટેલ, ટીનો ઉર્ફે મહેશ ગોપાળભાઈ , જયંતીભાઈ શનાભાઈ ચાવડા, રાવજી માનાભાઈ ચાવડા, પુનમભાઈ કાહ્યાભાઈ તળપદા, મણીભાઈ અંબારભાઈ પટેલ, ભાવેશ કેશવલાલ પટેલ, પ્રકાશ ઉર્ફે પકો જગનાદાસ પટેલ, તથા ભાગેડુ તહોમતદારો ૧. નટુભાઈ સોમાભાઈ પટેલ, ૨. અંકુરભાઈ સબુરભાઈ પટેલ, ૩. સમીરભાઈ વીનુભાઈ પટેલ, ૪. રાકો ઉર્ફે રાકેશ હરીભાઈ પટેલ, ૫. મોહન ઉર્ફે શશીન રમેશભાઈ પટેલ, ૬. નિકુલ રાવજીભાઈ પટેલ તથા અન્ય અજાણી વ્યક્તિઓ વગેરેએ મહુરભાઈ સુલેમાનભાઈ વોરાના ઘરમાં સાપરાધ પ્રવેશ કરી નુરીબેન મહુરભાઈ તથા આયેશા અબ્દુલભાઈ અને કાદરભાઈ ઈસ્માઈલભાઈ ઉપર કેરોસીન, પેટ્રોલ વગેરે છાંટી સળગતા કાકડા, મશાલોથી સળગાવી દઈ આ ત્રણેય વ્યક્તિઓના ઈરાદાપૂર્વક મોત નિપજાવી ઈ. પી. કો. કલમ ૩૦૨,૪૩૬, ૪૪૦, ૪૫૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે તેમજ તમો બાકીના આરોપીઓ ધ્વારા સદર કૃત્ય વખતે ગેરકાયદેસર મંડળીના સભ્ય તરીકે સામેલ રહી મંડળીનાં સામાન્ય ઈરાદો પાર પાડવા હાજર રહેલ હોય ઈ.પી. કો. કલમ

૩૦૨,૪૩૬, ૪૪૦, ૪૫૧ સાથે વાંચતા કલમ ૧૪૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

વધુમાં ઉપરોક્ત તારીખ, સમય અને સ્થળે આ બનાવ દરમ્યાન ગેરકાયદેસર મંડળીના સભ્ય તરીકે મંડળીનો સામાન્ય હેતુ બર લાવવા તમો આરોપી નરીશ વલ્લભભાઈ પટેલ, વસંત પુનમભાઈ પટેલ, લાલાભાઈ ઉર્ફે નિલેષ મણીલાલ પટેલ, ટીનો ઉર્ફે મહેશ ગોપાળભાઈ પટેલ,નાઓએ સાહેદો અબ્દુલભાઈ યાકુબભાઈ વોરા ૨. ફીરોજ ઈસ્માઈલ વોરા, ૩. ઈદ્રીશભાઈ અબ્દુલભાઈ વોરા,. ૪. મહંમદ ગફુરભાઈ વોરા, ૫. ફીરોજભાઈ ઈસ્માઈલભાઈ વોરા, નાઓની ઉપર પેટ્રોલ, કેરોસીન છાંટી સળગતા કાકડાથી આગ લાગડી, તેમાં તમો આરોપીઓનો ઈરાદો સદર સાહેદોના મોત નિપજાવવાનો હતો અને તમારા સદરે કૃત્યોથી સાહેદોનું મોત નિપજયુ હોત તો ખુનના ગુનો માટે જવાબદાર થાત તેમ કરીને તમો આરોપીઓએ ઈ. પી. કો. કલમ ૩૦૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે તેમજ તમો બાકીના આરોપીઓ ધ્વારા સદરે કૃત્ય વખતે ગેરકાયદેસર મંડળીના સભ્ય તરીકે સામેલ રહી મંડળીનો સામાન્ય ઈરાદો પાર પાડવા હાજર રહયા હોય ઈ.પી. કો. કલમ ૩૦૭ સાથે વાંચતા કલમ ૧૪૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

વધુમાં ઉપરોક્ત તારીખ, સમય અને સ્થળે આ બનાવ દરમ્યાન ગેરકાયદેસર મંડળીના સભ્ય તરીકે મંડળીનો સામાન્ય હેતુ બર લાવવા પૂર્વ તૈયારી કરીને તમો આરોપીઓએ ૧. હારુનભાઈ કેદરભાઈ મેમણ, ૨. ઈશાકભાઈ પરેશભાઈ, ૩. બાણાભાઈ વોરા, ૪. મહનભાઈ વોરા, ૫. કરીમભાઈ રસુલભાઈ વોરા, ૬. નુરમહંમદ રસુલભાઈ વોરા, ૭. યુનુસભાઈ ઈસ્માઈલભાઈ વોરા, ૮. અલ્લારખા રહેમાન વોરા, ૯. મહંમદ રસુલભાઈ વોરા, ૧૦.અહેમદ શફી , ૧૧. અબ્દુલ કરીમભાઈ, ૧૨. રસુલભાઈ બાપુજી વોરા, ૧૩. કપીલાકુવર ઉર્ફે માસી, ૧૪. સબુરભાઈ વોરા, ૧૫. સીરાજભાઈ વોરા, ૧૬. બાબુભાઈ દરજી, ૧૭.મહેબુબભાઈ અબ્દુલભાઈ વોરા, ૧૮. સત્તારભાઈ રસુલભાઈ વોરા, ૧૯.અબ્દુલભાઈ ઘાસીવાલા,

૨૦. મહંમદ રસુલભાઈ વોરાના રહેણાંક મકાનો તથા દુકાનો સળગાવી તેઓનો ઘર વપરાશ સામાન કપડા, ગાદલાં, ફર્નીચર, ફ્રીજ ટીવી તીજોરીઓ વગેરે બાળી નાંખી તેમજ ધાર્મિક સ્થળ બીસમીલ્લાહ મસ્જીદ તથા મૌલવીની ઓરડી તથા પમાલશા વીરલાલ દરગાહની માલ મિલ્કત અને ઘરવખરી બજાજ સ્કુટર વગેરેને આગ લગાડી તેમજ સીરાજભાઈ ફકીરભાઈ વોરાની માલીકીની મોટાકાર નં.જીજે–૭ વી–૯૫૩૪ તથા અલ્તાફ સફીમહંમદની માલીકીની ઓટો રીક્ષા નં. જીજે–૭ ડબલ્યુ–૧૬૩ ની બાળી નાંખી, એક વારસા સ્કુટર નં.જીજે–૭ એસ–૧૫૪૨ નું મસ્જીદમાંથી કાઢી બાળી મુકી, કુલ લાખો રૂપીયાની માલ મિલ્કતનો નાશ કરી તમો આરોપીઓએ ઈ. પી. કો. કલમ ૪૩૫, ૪૩૬, ૪૪૦ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે, તેમજ તમો બાકીના આરોપીઓ ધ્વારા સદર કૃત્ય વખતે ગેરકાયદેસર મંડળીના સભ્ય તરીકે સામેલ રહી મંડળીનો સામાન્ય ઈરાદો પાર પાડવા હાજર રહયા હોય ઈ.પી. કો. કલમ ૪૩૫, ૪૩૬, ૪૪૦ સાથે વાંચતા કલમ ૧૪૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

વધુમાં ઉપરોક્ત તારીખ, સમય અને સ્થળે તમો આરોપી હરીશ વલ્લભભાઈ પટેલ, વસંત પુનાભાઈ પટેલ અને હાલ નાસતાફરતા નટુભાઈ શાન્તીભાઈ પટેલનાઓએ ઉપરોક્ત ગુનાઓ કરવાની સરળતા પડે તે માટે સામાન્ય ઈરાદો ધારણ કરી તેમાટે તમોએ ફરીયાદી રેહાનાબેન તે યુસુફભાઈ પાકુભાઈ વોરાની દિકરી તથા તેના પિતા યુસુફભાઈ વોરાને મળવા તેમના ફળીયામાં જઈ એવુ કહેલ કે, " તમો કોઈ ચિંતા કરશો નહી, કોઈ પગલા કરવાના નથી, રેલી કાઢીને જતા રહીશુ", તેમ કહી ગુનો કરવાની યોજના છુપાવવા માટે જુઠ્ઠુ બોલી ગુનો કરવાનો સામાન્ય ઈરાદો પાર પાડી ગુનો કરવાનુ કાવતરૂ ઘડી ઈ. પી. કો. કલમ ૧૨૦બી, સાથે વાંચતા કલમ ૩૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે ?

વધુમાં ઉપરોક્ત તારીખ, સમય અને સ્થળે આ બનાવ દરમ્યાન તમો આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી મુસ્લીમ કોમના મકાનો, વાહનોની આગ

લગાડી, તેમજ ધાર્મીક સ્થળ મસ્જીદોને આગ લગાડી નુકશાન કરી ધાર્મીક લાગણી દુભાવી, તેમજ મિલકતોને નુકશાન કરી ઘર-સામાનની લુંટ કરી તમો આરોપીઓએ ઈ. પી. કો. કલમે ૨૯૫, ૨૦૭, તેમજ ૩૯૫ સાથે વાંચતા કલમ ૧૪૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલો છે ?

વધુમાં ઉપરોક્ત તારીખ, સમય અને સ્થળે તમો તમામ આરોપીઓએ ઘાતક હથીયારો ધારીયા, ભાલા, લાકડીઓ તથા પેટ્રોલ, કેરોસીન જેવા જ્વલનસીલ સ્ફોટક હથીયારો, સળગતા કાકડા, મશાલો, ધારણ કરી જીલ્લા મેજી.શ્રીના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી બી. પી. એક્ટની કલમ ૧૩૫/૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે ?

ઉપરોક્ત ગુનાઓ તમો આરોપીએ આ કોર્ટની હકુમત હેઠળ કરેલા હોય, તમારી સામે તેની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવાનો આથી આદેશ ફરમાવવામાં આવે છે.

તહોમતનામું ખુલ્લી અદાલતમાં તહોમતદારને વાંચી, સંભળાવી, સમજાવી ફરમાવવામાં આવ્યું.

આજરોજ તા. ૨૯ થી માહે સ્પ્ટેમ્બર સને ૨૦૦૮ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યું.

તા. ૨૯/૯/૨૦૦૮.
આણંદ.

DISTRICT & SESSIONS COURT ANAND

29/9/08

(આર. એમ. શરીન)
એડીશનલ સેશન્સ જજ અને
સેકન્ડ એડી. ડીસ્ટ્રીક્ટ જજ,
આણંદ.

Compared By
Assistant